# મેઘરજમાં ઠાકોર સેનાએ ખેડૂતોનુ દેવુ માફ કરવા રેલી યોજી

## દેવુ માફ નહિ થાય તો ભુખ હડતાળની ચીમકી

મેઘરજ, તા. ૨૩ અરવલ્લી જિલ્લાના મેઘરજ ખાતે શુક્રવારના રોજ ગુજરાત



ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ગુજરાતમાં ખેડૂતોના દેવા માફ કરવાની માંગ સાથે મેઘરજ માર્કેટયાર્ડથી મામલતદાર કચેરી સુધી રેલી યોજી મેઘરજ મામલતદારને લેખીતમાં આવેદન પત્ર આપી ખેડૂતોના દેવા માફ કરવા સૂત્રોચ્ચાર કર્યા હતા. આવેદનમાં તેઓએ જણાવ્યું હતું કે ખેડૂતોના દેવા માફ કરવામાં આવે, સિંચાઈ માટે મફત પાણીની વ્યવસ્થા, સજીવખેતી પ્રોત્સાહન માટે મફત ખાતર વિતરણ, કાયમી કૃષિ નિતીનું અમલીકરણ, ટેકાના ભાવ નક્કિ કરવા સમિતિની રચના કરવી આવી તમામ માંગણી સરકાર સુધી પહોંચાડવા મેઘરજ મામલતદારને અરવલ્લી જિલ્લા ઠાકોર સેનાના પ્રમુખ સંજયજી ઠાકોર તેમજ ઠાકોર સેનાના તમામ હોદ્દેદારોએ આવેદનપત્ર પાઠવ્યું હતું. વધુમાં તેઓએ આવેદનમાં જણાવ્યુંહતુકેજોતા. ૭જુલાઈ ૨૦૧૭ સુધીમાં ખેડૂતોનુ દેવુ માફ નહિ કરવામાં આવેતોતા. ૮ જુલાઈ ૨૦૧૭થી ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોરની આગેવાની હેઠળ ભુખ હડતાળ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંકના નિર્માણધીન ભવનનું ભૂમિ પૂજન

ગાંધીનગર, તા. ૨૩ જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંકના મોતીબાગ રોડ પર અત્યંત આધુનિક મુખ્ય કાર્યાલયના નિર્માણધીન ભવનનુ ખાત મુહૂર્ત ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહ દ્વારા શાસ્ત્રોક્ત વિધી કરી શુભ ખાત મુહૂર્ત કરવામાં આવ્યુ. ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ ભાજપાના પ્રમુખ જીતુભાઈ વાઘાણી તેમજ બેંકના પૂર્વ ચેરમેન ડોલરભાઈ કોટેચા દ્વારા પણ પાયાના પથ્થર સ્વરૂપ ઈંટો મુકી અને બેંકના વહિવટકર્તાઓ સર્વને આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહનું સ્વાગત બેંકના ચેરમેન પી.ડી. ગઢવી તથા બેંકના મેનેજીંગ ડીરેક્ટર વી.કે. ભટ્ટ દ્વારા કરવામાં આવ્યુ. જ્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનુ સ્વાગત બેંકના સીનીયર ડાયરેક્ટર આશિષભાઈ પારેખ, ભાવેશભાઈ વોરા તથા જિતુભાઈ વાઘાણીનું સ્વાગત પૂર્વ ચેરમેન ડોલરભાઈ કોટેચા તથા ગોવિંદભાઈ દેવાણી દ્વારા કરવામાં આવ્યુ. મંત્રી જશાભાઈ બારડ, નારસિંહભાઈ પઢીયાર, નાસકબ દિલ્હીના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, જિલ્લા ભાજપા પ્રમુખ કીરીટભાઈ પટેલ, ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર, પૂર્વ મંત્રી રતીભાઈ સુરેજા, કોડીનાર નગરપાલિકા પ્રમુખ શિવાભાઈ સોલંકી, ડેપ્યુટી મેયર ગિરીશભાઈ કોટેચા, પ્રમુખ વેરાવળ સોમનાથ ભાજપા ઝવેરીભાઈ, સહકારી આગેવાન જેઠાભાઈ પાનેરા, વીરાભાઈ વાલા, દિનેશભાઈ ખટારીયા, કોર્પોરેટર શૈલેષભાઈ દવે, કિશોરભાઈ અજવાણી, દાસાણી ભાઈ તેમજ રાજકીય, સામાજીક આગેવાનો કાર્તીકભાઈ ઉપાધ્યાય, કાળુભાઈ સુખવાણી, ડૉ. ડી.પી. ચીખલીયા, ડૉ. ભાવેશભાઈ સુરેજા, નિલેશભાઈ ધુલેશીયા, વરિષ્ઠ પત્રકારો ધીરૂભાઈ પુરોહીત, રાકેશભાઈ લખલાણી, કૃષ્ણકાન્ત રૂપારેલીયા વિગેરે ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.







## મોડાસામાં તાલુકાના ૧૬૫ બુથના વિસ્તારકોની બેઠકમાં પ્રદેશ મંત્રી કે.સી. પટેલે માર્ગદર્શન આપ્યું

આગામી ૩૦મી જૂને મોડાસામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવવાના હોઈ તે સંદર્ભે આગોતરી તૈયારી માટે મોડાસા તાલુકાના ૧૬૫ બુથોના વિસ્તારકો અને તાલુકાની જિલ્લા પંચાયતની તમામ ૫ બેઠકોના ઈન્ચાર્જ સાથેની બેઠક આજરોજ મોડાસામાં ટાઉન હોલ ખાતે પ્રદેશ મહામંત્રી અને ઉત્તર ગુજરાતના પ્રભારી કે.સી. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભીએ માર્ગદર્શન આપ્યું હતું.

### પ્રાંતિજના નવાબાકરપુર પ્રાથમિક શાળા ખાતે

# બીજા તબક્કાનો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૩ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નવા બાકરપુર ખાતે આવેલ પ્રાથમિક શાળામાં તા. ૨૩-૬-૨૦૧૭ ને શુકવારના રોજ કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો.

પ્રાંતિજના નવાબાકરપુર ખાતે



બીજા તબક્કાનો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલ, બી.આર.પી પજ્ઞા હરેશભાઈ પટેલ, બી.આર પી.આઈ.ઈડી અંકુરભાઈ પટેલ, પરમાર રસિકભાઈ, જાયન્ટસ સ્થાપક ડૉ. એન. કે. ડેરીયા, જાયન્ટસ પ્રમુખ મિતેશભાઈ પટેલ, દાંતા પ્રકાશભાઈ મહારાજ તથા શાળાના આચાર્ય તપેન્દ્રભાઈ રાવલ તથા શિક્ષિકાબેન હિનાબેન જોષી સહિત વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં જયારે આવનારા મહેમાનોનું સ્વાગત બાદ ગામના વર્યોવુધ્ધ તથા વિશિષ્ટ વ્યક્તિ રસિકભાઈ કાળીદાસભાઈ પરમારનુ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું જયારે જાયન્ટસ ગ્રુપ દ્વારા કિટનુ વિતરણ કરવામાં આવ્યું હતુ જયારે ધોરણ એકમાં પ્રવેશ મેળવનાર ૭ વિધાથીઓને આવનારા મહેમાનો દ્વારા પુસ્તકની કીટ આપીને પ્રવેશ આપવામાં આવ્યો હતો જયારે શાળાનાં વિધાર્થીઓ દ્વારા યોગ અને પીચ દ્વારા આવનારા મહેમાનોના દિલ જીતી લીધા હતા. આવનારા મહેમાનો દ્વારા શાળા સંકુલમાં આયુર્વેદિક વુક્ષોનું વુક્ષારોપણ કરવામાં આવ્યુંહતું જયારે સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન શાળાની વિધાર્થીની તથા હિનાબેન જોષી દ્વારા કરવામાં આવ્યુંહતુ.



ગાંધીનગર શહેર નજીક આવેલ કુડાસણ ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુડાસણ વિસ્તારમાં આવેલ સોસાયટી ફલેટ, બંગ્લોઝમાં રહેતા નાગરીકો તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં નાગરીકોના આધારકાર્ડ, જાતિના દાખલા, આવકના દાખલા, રેશનીંગ કાર્ડ, મતદાર કાર્ડ, સહિતના વિવિધ પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુડાસણ ગામના સરપંચ અંબાલાલ પટેલ, સભ્યો અને તલાટી કમ મંત્રી હાજર રહ્યા હતા. જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા ગ્રામજનોનો સાથ અને સહકાર સાંપડ્યો હતો.

# સહકારી મીલ સલાલ ખાતે સન્માન સમારોહ યોજાયો

## ગુજકોમાસોલમાં ડિરેક્ટર પદે ચુંટાતા મહેશભાઈ પટેલનુ સન્માન કરવામાં આવ્યું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના સલાલ ખાતે આવેલ સહકારી મીલ ખાતે તાજેતરમાં જ યોજાયેલ ગુજકોમાસોલ ચૂંટણીમાં વિજય થયેલ મહેશભાઈનો સન્માન સમારોહ યોજાયો હતો.

રાજ્યની અગ્રીમ સહકારી સંસ્થા ધી ગુજરાત સ્ટેટ કો.ઓ માર્કેટિંગ ફેડરેશન લી. (ગુજકોમાસોલ અમદાવાદ ના નિયામક મંડળ ની ચૂંટણીમાં સાબરકાંઠા જિલ્લાના પ્રતિનિધિત્વ તરીકે પ્રચંડ બહુમતીથી ચુંટાએલા પટેલ મહેશભાઈ અમીચંદભાઈનો સહકારી મીલ સલાલ ખાતે સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં ચેરમેન જયંતિભાઈ નાગરભાઈ પટેલ, તાલુકા સંઘના ચેરમેન કોદરભાઈ કાળીદાસભાઈ પટેલ, મણીભાઈ પટેલ, કાળુસિંહ રાઠોડ, આશિષભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ સહિત સાબરકાંઠા જિલ્લાની સહકારી આગેવાનો પાટીદાર સમાજ ના આગેવાનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ફુલહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગાંધી ૧૦૦

● ૪ પાનાનું ચાલુ...

ગાંધીજી એમ વ્યક્ત થતા કે જે અહિંસક સમાજમાં માણસને જીવન ગુજારવાનું છે તે સમાજને લાયક અને ઉપયોગી બનાવે તેવી પ્રક્રિયા તરીકે કેળવણી જરૂરી છે. સમાજની વ્યવસ્થા લોકશાહી ઢબની હોવી જોઈએ અને તેથી સમાજની પ્રત્યેક વ્યક્તિને ઓછામાં ઓછી અમુક કેળવણી મફત અને ફરજિયાત રીતે મળવી જોઈએ. આવી કેળવણી વિના રાજય ટકી શકે નહીં. બીજી રીતે આ જ વાત કરતાં તેઓ કેળવણીના મહત્ત્વનો પુનરોચ્ચાર કરે છે. 'અમુક પ્રકારની કેળવણી લીધી હોય એવા લોકોના હાથમાં જ સ્વતંત્રતા સુરક્ષિત રહી શકે.'

## નબળા કેમ ?... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે.એન. સિંઘે વ્યક્ત કરી સે. ૭માં બાળકોના મૂલ્યાંકનમાં સુધારો લાવવા સઘન પગલાંની જરૂરિયાત પર વિશેષ ભાર મુક્યો હતો.

આ મુદ્દે તેમણે શાળાના રિસોર્સ પર્સન તરીકે સેવાઓ આપતા કર્મયોગીઓ તેમજ શાળાના સંચાલકોની સાથે પણ ગંભીરતાપૂર્વક ચર્ચા કરી હતી. પ્રવેશોત્સવ સંપન્ન કરી પોતાની કચેરીએ જવા રવાના થતા અગાઉ તેમણે જિલ્લા શિક્ષણાધિકારી બારડને ટપારતાં કહ્યુ હતુ કે છેલ્લા બે વખતથી આ શાળાની મુલાકાતે આવુ છુ પણ મૂલ્યાંકનમાં કોઈ સુધારો જણાતો નથી એ દુઃખદ છે. વિભાગ ગંભીરતાથી આ દિશામાં કામ કરે તે જુઓ.

સે. ૭ની પ્રા. શાળાને દત્તક લેનાર જેસી સંસ્થાના સૂત્રધારોને પણ આ બાબતે ધ્યાને કેન્દ્રીત કરી અને ગંભીર બની આખી વ્યુહરચના તૈયાર કરી આગળ વધવા જણાવ્યુ હતુ.

મુખ્ય સચિવે કથળતી જતી ગુણવત્તાને લઈ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ (સરદાર) સાથે પણ ચર્ચાઓ કરી હતી.

આ ચર્ચા દરમ્યાન ધો. ૮ સુધીનો ડિટેક્ષન સિસ્ટમ અપનાવવાના સરકારના નિર્ણયને ચેરમેન પટેલે દુઃખદ લેખાવ્યો હતો. તેમણે શિક્ષકો પાસેથી શૈક્ષણિક ઈતરની કામગીરી શક્ય હોય ત્યાં સુધી ટાળવામાં આવે તેવી હિમાયત કરી જણાવ્યુ હતુ કે શિક્ષકને શિક્ષક જ રહેવા દો.

આ ચર્ચામાં ભાગ લેતાં મનપાના પૂર્વ ડે. મેયર અને વર્તમાન કાઉન્સીલર તેમજ અમદાવાદની ખાનગી સ્કૂલના આચાર્ય તરીકે સેવા આપતા કાર્તિક પટેલે ભાષાના વિષયમાં ઓ.એમ.આર. સિસ્ટમનો વિરોધ કર્યો હતો અને સરકારે પુનઃ વિચારણા કરવી જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો.

કાર્તિક પટેલે બાળકને ગોખણિયુ બનાવવામાં આવી રહ્યુ છે તેમ નહિ પણ રમતાં રમતાં પણ ગણિત-વિજ્ઞાન શીખવાડી અને બાળકની શિક્ષણમાં અભિરૂચિ જાગે તેવા સહિયારા પ્રયાસની હિમાયત કરી હતી.

મુખ્ય સચિવને તેમને કહ્યુ હતુ કે નિબંધાત્મક પ્રશ્નોથી બાળકોનું શબ્દભંડોળ ભાષાના વિષયમાં વધી શકે અને તેના પર ભાર મુકવો જોઈએ.

સિંઘે પણ કાર્તિક પટેલના સૂરમાં સૂર પુરાવતાં કહ્યુ હતુ કે સાચી વાત છે. પશ્ચિમના દેશોમાં પણ નિબંધ લખવાનું કહેવામાં આવે તો બે લીટીથી આગળ તેના બાળકો પણ વધી શકતા નથી એ હકીકત છે અને તેઓ પણ ચિંતામાં છે.

આ ચર્ચામાં અભિપ્રાય આપતાં વલ્લભભાઈ પટેલે જણાવ્યુ હતુ કે પ્રાથમિક શિક્ષણથી જ બાળકના નબળા દેખાવ પછી વિદ્યાર્થી ઉપર વધતાં વધતાં જતો હોઈ સારો વિદ્યાર્થી પણ હતોત્સાહી થઈ અને પ્રયાસો કરવાનુ છોડી રહ્યો છે. ખુબ જ ચિંતાજનક બાબતો છે. બાળકનો ઉત્સાહ વધે તે માટે શિક્ષકને જ શિક્ષકની જેમ વર્તવા દેવાની છુટ આપવી જોઈએ. આ પ્રસંગે કાઉન્સીલર નાઝાભાઈ ધાંધર, વરિષ્ઠ નાગરિક જસવંત ગાંધી, પ્રદ્યુમનસિંહ વાઘેલા, પરાગી ગાંધી સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## ઐતિહાસિક સિદ્ધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આશરે ૯૫૫ કિલોગ્રામ છે. સાથે મોકલી દેવામાં આવી રહેલા આ ઉપગ્રહોમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રીયા, બેલ્જિયમ, ચિલી. ચેક ગણરાજ્ય, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની ઈટાલી, જાપાન, બ્રિટન અને અમેરિકા સહિત ૧૪ દેશોના નૈનો ઉપગ્રહ સામેલ છે. ૨૯ વિદેશી અને એક નેનો સેટેલાઈટ ભારતના છે. ભારતના નાના સેટેલાઈટનુ નામ નિયુસેટ રાખવામાં આવ્યુ છે. જેનુ વજન માત્ર ૧૫કિલોગ્રામ છે. આ ખેતીના ક્ષેત્રમાં બાજ નજર રાખવા અને ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં કામ આવશે. ભારતીય સેનાને પણ આ સેટેલાઈટ લોંચથી ફાયદા થશે.બાજ નજર રાખવા સાથે સંબંધિત તાકાતમાં વધારો થશે. ત્રાસવાદી કેમ્પો અને બંકરોની ઓળખ સહિત તેમના પર નજર રાખવામાં મદદ મળશે. પરિભ્રમણ કક્ષામાં ગોઠવી દેવામાં આવ્યા બાદ ઈસરોનો હેતુ તમામ સેટેલાઈટને ચાલુ કરવાનો છે. અલબત્ત આ અંતરિક્ષ યાનન સ્પેસમાં ફરી રહેલા કાટમાળથી ટકરાઈ જવાથી રોકવાની બાબત એજન્સીની પ્રાથમિકતા છે. સેટેલાઈટની સુરક્ષા માટે ઈસરો દ્વારા હંમેશા જરૂરી પગલા લેવામાં આવે છે.

## ઉમેદવારીપત્ર ભર્યુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિગ્ગજ નેતાઓ ઉપરાંત એનડીએના સમર્થક પાર્ટી નેતાઓ પણ પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ અને અન્યોની હાજરીમાં રામનાથ કોવિંદે ઉમેદવારી નોંધાવી હતી. જોરદાર શક્તિ પ્રદર્શન એનડીએ દ્વારા કરવામાં આવ્યુ હતુ. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કુલ ૨૦ રાજ્યોના મુખ્યપ્રધાન આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સૌથી પહેલા પ્રસ્તાવક બન્યા હતા. આ કાર્યક્રમમાં ભાજપના સૌથી સિનિયર નેતા લાલકૃષ્ણ અડવાણી પણ હાજર રહ્યા હતા. ઉમેદવારી દાખલ કરતી વેળા ગુજરાત, આસામ, છત્તિસગઢ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોના મુખ્યપ્રધાન હાજર રહ્યા હતા. ત્યારબાદ એનડીએ પક્ષોની બેઠક યોજાઈ હતી. કોવિંદના પ્રસ્તાવકના રૂપમાં મોદી, અમિત શાહ, શિરોમણી અકાળી દળના નેતા પ્રકાશ સિંહ બાદલ, અને આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન ચન્દ્રાબાબુ નાયડુ રહ્યા હતા. ચાર સેટના ઉમેદવારી પત્રમાં દરેકમાં ૬૦ પ્રસ્તાવક અને ૬૦ સમર્થક છે. કોવિંદની જીત નિશ્ચિત બની ચુકી છે. કારણ કે એનડીએ અને કેટલાક અન્ય પક્ષોનુ તેમને સમર્થન મળી રહ્યુ છે.

## ડીએસપીની હત્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડીએસપી તૈનાત હતા. ટોળાને લાગ્યુ કે તેઓ મસ્જિદના ફોટા પાડી રહ્યા છે. હોબાળો થયા બાદ પોલીસે હવામાં ગોળીબાર કર્યો હતો. જેમા ત્રણ લોકો ઘાયલ થયા હતા. ભીડે એકત્રિત થઈને ડીએસપી પર હુમલો કરી દીધો હતો. ઘટના બન્યા બાદથી સમગ્ર વિસ્તારમાં ભારે તંગદીલી ફેલાઈ ગઈ છે. આજે રમઝાન મહિનામાં અંતિમ શુક્રવાર છે.

## સ્માર્ટસિટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવનાર છે. ઉત્તરપ્રદેશમાંથી અલ્હાબાદ, અલીગઢ અને ઝાંસીનો સમાવેશ કરવામાં આવ્યો છે. બીજી બાજુ પહાડી પ્રદેશોમાંથી દહેરાદુન, શિમલાની પસંદગી કરવામાં આવી છે. કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના સંસદીય મતવિસ્તાર રાયબરેલીની પસંદગી સ્માર્ટ સિટી તરીકે વિકસિત કરવા માટે કરવામાં આવી નથી. જેને લઈને ભારે ચર્ચા છે. જ્યારે દિલ્હીથી ખુબ નજીક રહેલા મેરઠની પસંદગી પણ સ્માર્ટ સિટી તરીકે વિકસિત કરવા માટે કરવામાં આવી નથી. ત્રિવેન્દ્રમ, નવા રાયપુર, રાજકોટ, અમરાવતી, પટણા, કરીમનગર, મુજ્જફરપુર, પુડુચેરી, ગાંધીનગર, શ્રીનગર, સાગર, કરનાલ, સતના, બેંગલોર, શિમલા, ત્રિપુર, પિંપલી-ચિંચવાડ, બિલાસપુર, પાસીઘાટ, જમ્મુ, , દાહોદ, તિરુનવેલ્લી, થુઠકુડી, ત્રિરુચિરાપલ્લિ, ઝાંસી, આઈઝોલ, અલ્હાબાદ, અલિગઢ અને ગંગટોકનો સમાવેશ થાય છે.

## હડતાલ સમેટાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનિચ્છનીય ઘટના બને નહિ તે માટે પોલીસ બંદોબસ્ત માંગી લીધો હતો. સવારે ૧૦ વાગ્યાથી શરૂ થયેલી મંત્રણાને અંતે ૧૦.૪૫ કલાકે પોલીસ કેસમાં નામ દાખલ કરવાની અરજી પાછી ખેંચવા સહિતના મુદ્દાઓ પર સમજૂતી થઈ હતી. આ પછી કર્મચારીઓને લઈ ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા અને ધારાસભ્ય અશોક પટેલ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તો અમૃતભાઈ દેસાઈ અને અન્ય આગેવાનો મહિલા કાઉન્સીલરોને લઈ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા આ પછી તેઓ પોલીસ વડાની કચેરીએ ગયા હતા અને અરજી પાછી ખેંચવાની પ્રક્રિયા સંપન્ન કરી હતી.

આ બાદ કર્મચારીઓએ તેમની અન્ય માંગણીઓ પરની ચર્ચા હાથ ધરી હતી. જેમાં બધા નેતાઓએ સામુહિક ખાત્રી આપતાં મામલો થાળે પડ્યો હતો અને બપોરના ૨.૩૦ વાગ્યા પછી કર્મચારીઓ ફરજ પર ચડી ગયા હતા. સ્થાયી સમિતિના ચેરમેનના રાઉન્ડ દરમ્યાન કર્મયોગીઓ સાથે અશોભનીય વર્તાવની ઓડિયો ક્લીક કે ઘટના આટલી ગંભીર સ્વરૂપે આગળ વધી હોવાથી ભાજપના નેતાઓ અજાણ હોવાનુ સ્વીકારી કહ્યુ હતુ કે ગઈકાલે રાત્રે પ્રદેશ નેતાઓના આદેશને પગલે તેઓ આજે સમાધાનની ભૂમિકામાં જોતરાયા હતા.

વડાપ્રધાનના આગમન પૂર્વે પરિસ્થિતિ વણસે નહિ તે જોવા પ્રદેશ કક્ષાએથી આદેશો છુટતા જ સ્થાનિક આગેવાનો હરકતમાં આવ્યા હતા અને સુખદ ઉકેલ કર્મચારીઓના મુદ્દે આવ્યો હતો.

## ગાંધીનગરનો સમાવેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્માર્ટ સીટી પ્રોજેક્ટસ્ અંતર્ગત ખાસ વ્યવસ્થાપન પણ ઉભુ કરકવામાં આવશે જેમાં કમિશનર ચેરમેનપદે રહેશે. તેમણે જણાવ્યુ હતુ કે આ પ્રોજેક્ટસ્ પાંચ વર્ષમાં પૂર્ણ કરી દેવાશે જેમાં કેન્દ્ર અને રાજ્ય દ્વારા તબક્કાવાર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે.

મ્યુનિ. કમિશનરે જણાવ્યુ હતુ કે દાહોદ અને ગાંધીનગર બે નાના શહેરો હોવાથી રાજ્ય સરકારે ખાસ કિસ્સામાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટસ્ માટે મનપાએ નાણાં ફાળવવાના રહેશે નહિ તેવો નિર્ણય તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે કર્યો હતો. જેથી મનપા પર કોઈ જ આર્થિક ભારણ આવશે નહિ.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટસ્ માટે તંત્રની ટીમે જે મહેનત કરી હતી તેને પણ આજે કમિશનરે બિરદાવી ખાસ અભિનંદન આપ્યા હતા. તેમણે ચૂંટાયેલી પાંખના સહયોગને પણ વખાણ્યો હતો.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટસ્ હેઠળ ૧૨ જેટલા પ્રોજેક્ટસ્ સૂચવવામાં આવ્યાનું પણ તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં સ્વીકાર્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે ૩૧ માર્ચ ૨૦૧૭ના રોજ આ પ્રોજેક્ટસ્ અંગેની દરખાસ્ત કેન્દ્ર સરકાર સમક્ષ રજુ કરવામાં આવી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકા બીજા રાઉન્ડમાં બે થી ત્રણ માર્કસના અંતરે જ રહી જવા પામી હોવાની વાતનો સ્વીકાર કરી મ્યુનિ. કમિશનરે જણાવ્યુ હતુ કે આ વખતે અમે દરેક ક્ષેત્રમાં પુરેપુરી ક્ષમતા સાથે દરખાસ્તના તમામ પાસાંઓને આવરી લઈ તૈયારી કરી હતી. શહેરમાંથી ૧૮ હજાર કરતાં સૂચનો તંત્રને પ્રાપ્ત થયા હતા. જેમાં હરિયાળી યથાવત્ રાખવા સહિતના સૂચનોનો સમાવેશ થાય છે.

## મહત્વની બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપી દીધાનુ પણ વર્તુળોમાં ચર્ચાઈ રહ્યુ છે અને વિપક્ષના નેતા તેમજ પ્રદેશ પ્રમુખના નવા નામોની જાહેરાત રાહુલ ગાંધી વિદેશ પ્રવાસેથી આવે તે પછી થશે તેમ મનાઈ રહ્યુ છે.

શંકરસિંહ વાઘેલા ગઈકાલે દિલ્હી ગયા હતા અને તેમણે સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અમદ પટેલ સાથે વાતચીતો કરી હતી.

આજે ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડિટોરિયમમાં યોજાનાર બેઠક અંગેની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હોવાનું તેમના નિકટવર્તી સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## આઠ ટ્રીપો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારમાંથી પણ મોટી સંખ્યામાં ગ્રામજનો આ બસ સેવાના માધ્યમથી અપડાઉન કરતા હતા. પરંતુ બસ બંધ થતા ગ્રામજનોની વાહન સેવા છીનવાઈ ગઈ છે. જેના લીધે સ્થાનિકોએ પણ રીક્ષા સહીત શટલીયા જેવા ખાનગી વાહનોનો ઉપયોગ કરવો પડે છે. જો કે એસ ટી તંત્ર દ્વારા ગ્રામજનોની હાલાકીને નિવારવા માટે ઉનાવા રૂટની ખાસ બસ સેવા શરૂ કરાઈ છે. ગાંધીનગરથી ઉનાવા માટે સવાર બપોર સાંજ દરમિયાન રોજની આઠ ટ્રીપો દોડાવામાં આવી રહી છે. આ ઉપરાંત પેથાપુર જતા મુસાફરોને પણ બસસુવિધા મળે તે માટે અમદાવાદ જતી સેકટરના રૂટની બસો પણ પેથાપુર સુધી લંબાવી દેવાઈ છે. સીટી બસ સેવાના અભાવે મુસાફરોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.આવા સંજોગોમાં એસ ટી ડેપો દ્વારા તબક્કાવાર અન્ય ગામોને જોડતી બસો પણ શરૂ કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે. જેમાં રાંધેજા અને રૂપાલનો પણ સમાવેશ થાય છે. આસપાસના ગ્રામજનોને ગાંધીનગર અવરજવર માટે યોગ્ય બસસેવા મળી રહે તે માટે બસસેવાને વધુ અસરકારક બનાવવા માટે પણ માંગ ઉઠવા પામી છે.